www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૩ | ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પેટ્રોલમાં ૨૧, ડિઝલમાં ૩૦ પૈસાનો વધારો

મોંઘવારીનો માર સહન કરી રહેલ સામાન્ય માનવી પર પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાના બોજનો સિલિસલો સતત જારી છે. પાટનગર નવી દિલ્હીમાં આજે પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૨૨ પૈસાનો અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨૮ પૈસાનો વધારો થતાં પેટ્રોલની કિંમત પ્રતિ લિટર રૂ. ૭૮.૫૨ અને ડીઝલની કિંમત પ્રતિ લિટર રૂ. ૭૦.૨૧ પર પહોંચી ગઈ છે.

### કાશ્મીરની ઈરમ રાજ્યની પહેલી મહિલા પાયલટ

જમ્મુ કાશ્મીરના ઉનાળુ પાટનગર શ્રીનગરમાં રહેતી ૩૦ વર્ષની ઈરમ હબીબ રાજ્યની પહેલી કોમર્શિયલ મહિલા પાયલટ બનવા જઈ રહી છે. તેને અમેરિકામાંથી ટ્રેનિંગ પૂરી કર્યા બાદ દેશની બે મોટી એરલાયન્સ ઈન્ડિગો અને ગો એર તરફથી નોકરીની ઓફર મળી ગઈ છે. હાલ તે લાયસન્સ મેળવવા માટે દિલ્હીમાં ક્લાસ લઈ રહી છે.

### સરકારની ટીકા કરનાર સામે રાષ્ટ્રદ્રોહ નહિ

દેશના કાયદા પંચે ઠરાવ્યું છે કે, સરકારની નીતિઓની ટીકા કરવી કે તેનો વિરોધ કરવો તે દેશદ્રોહ નથી. જે વ્યકિતના વિચારો સરકારની નીતિ સાથે મેચ ન થતાં હોય તેની સામે રાષ્ટ્રદ્રોહનો આરોપ મુકી શકાય જ નહીં. દેશની જનતાને પુરી આઝાદી છે કે, તેઓ જે ફાવે તે પ્રકારે પોતાના દેશ પ્રત્યે પોતાના પ્રેમની અભિવ્યકિત કરી શકે છે.

# જીડીપી ગ્રોથ રેટ ૮.૨ ટકા

## ત્રિમાસિક ગાળામાં સૌથી ઝડપી : જુલાઈ કોર સેક્ટર ડેટા ૬.૬ ટકા : મોદી સરકાર માટે સારા આંકડા સપાટી પર : કોલસા, રિફાઈનરી, સિમેન્ટ, ખાતરમાં વધુ ઉત્પાદનના સાફ સંકેતો

નવી દિલ્હી,તા. ૩૧

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રમથ ત્રિમાસિક ગાળા (એપ્રિલ-જૂન) માટે દેશનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ગ્રોથ રેટ રેકોર્ડ ગતિએ વધીને ૮.૨ ટકા સુધી પહોંચી ગયો છે. આજ ત્રિમાસિક ગાળામાં અર્થતંત્ર સૌથી ઝડપથી વધતા મોદી સરકારને પણ મોટી રાહત મળી છે. હાલમાં સરકાર માટે એક પછી એક નિરાશાજનક આંકડા આવી રહ્યા છે ત્યારે આ આંકડા મોદી સરકાર માટે રાહત લઈને આવ્યા છે. ગ્રોસ વેલ્યુએડેડ ગ્રોથરેટ ત્રિમાસિક ગાળામાં આઠ ટકા રહ્યો છે. ગ્રોસ વેલ્યુએડેડ ગ્રોથરેટ પ્રોડ્યુશરની દરેક બાબતના સંદર્ભમાં આર્થિક પ્રવૃત્તિનું ચિત્ર રજૂ કરે છે. જીડીપી ગ્રોથરેટ છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૭.૭ ટકા હતો જ્યારે અગાઉના નાણાંકીય વર્ષમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૫.૫૯ ટકા હતો. ગ્રોથરેટ અપેક્ષા કરતા પણ વધી ગયો છે. તમામ અર્થશાસ્ત્રીઓની ગણતરી કરતા પણ વધારે ઉંચો ગ્રોથરેટ રહ્યો છે. ભારત સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકે હોવાની વિગત હવે સ્પષ્ટ થઈ ચુકી છે. બીજા ત્રિમાસિક ગાળામાં ચીનમાં ગ્રોથરેટ ૬.૭ ટકાનો રહ્યો હતો. જાન્યુઆરી-ડિસેમ્બર ફિસ્કલ કેલેન્ડરમાં ચીનની સ્થિતિ પણ યોગ્ય રહી ન હતી. આ વર્ષની


(અનુ. સાતમા પાને)

## આગામી સપ્તાહે બેન્કોની રજાના સમાચાર ખોટા : કેન્દ્ર

નવી દિલ્હી, તા. ૩૧

નાણામંત્રાલયે આજે સોશિયલ મિડિયા ઉપર ફેલાયેલી અફવાઓ અંગે ખુલાસો કરતા કહ્યું છે કે, આગામી સપ્તાહમાં સામાન્યરુપથી બેંકોમાં કામકાજ થશે. દહેશતમાં મુકવવાની કોઈ જરૂર નથી. અગાઉ સોશિયલ મિડિયા ઉપર એવી અફવાઓ ચાલી હતી કે, સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં છ દિવસ સુધી બેંકો બંધ રહી શકે છે જેથી સપ્તાહમાં બેંકિંગ પ્રવૃત્તિ ખોરવાઈ જશે. એક નિવેદન જારી કરીને નાણામંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સોશિયલ મિડિયાના કેટલાક વર્ગોમાં એવી અફવા ચાલી હતી કે, સપ્ટેમ્બર ૨૦૧૮ના પ્રથમ સપ્તાહમાં છ દિવસ બેંકો બંધ રહેશે. આના કારણે સામાન્ય લોકોની અંદર દહેશત ફેલાઈ ગઈ હતી. સોશિયલ મિડિયા ઉપર પ્રકાશિત બાબતો આધારવગરની છે અને બેંકિંગ પ્રવૃત્તિ યથાવતરીતે જારી રહેનાર છે. બેંકો સામાન્યરીતે ખુલ્લી રહેશે. સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં બેંકિંગ પ્રવૃત્તિ સામાન્યરીતે ચાલુ રહેશે. બેંક માત્ર રવિવાર બીજી સપ્ટેમ્બરના દિવસે અને બીજા શનિવાર આઠમી સપ્ટેમ્બરના દિવસે બંધ રહેશે. ત્રીજી સપ્ટેમ્બરના દિવસે રાષ્ટ્રીય રજા નથી. આ દિવસે કેટલાક રાજ્યોમાં રજા રહેશે.

## તરૂણ સાગર મહારાજની સ્થિતિ અત્યંત નાજુક



ન્યુ દિલ્હી,તા.૩૧

પ્રસિદ્ધ જૈન મુનિ તરૂણ સાગર મહારાજની હાલત ગંભીર છે. મેક્સ હોસ્પિટલ તરફથી કહેવાયું છે કે તેમના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી. ડોક્ટરોના હવાલે કહેવામાં આવી રહ્યું છે કે ૨૦ દિવસ પહેલા જોન્ડિસની ફરિયાદ કરાયા બાદ તરુણ સાગર મહારાજને મેક્સ હોસ્પિટલ લઈ જવાયા હતાં. પરંતુ સારવાર બાદ પણ તેમના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો જોવા મળ્યો નહીં.

## રાહુલ ગાંધી ચાઈનીઝ ગાંધી છે ? : ભાજપ

નવી દિલ્હી,તા. ૩૧

ભાજપે આજે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર તેમના ચીનના સંદર્ભમાં અપવામાં આવેલા નિવેદનને લઈને જોરદાર પ્રહાર કર્યા હતા. ભાજપે રાહુલ ગાંધીને ચીનના પ્રવક્તા તરીકે ગણાવીને તેમના ઉપર ચીનની જાહેરાત કરવા સુધીના આક્ષેપો કર્યા હતા. રાહુલના કૈલાશ માનસરોવર યાત્રા ચીનના રસ્તા પર પ્રશ્ન ઉઠાવતા ભાજપે કહ્યું હતું કે, રાહુલ ગાંધીને ચીન પ્રત્યે ખુબ લગાવ છે તે બાબત સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ભાજપે રાહુલને ચાઈનીઝ ગાંધી તરીકે ગણાવ્યા હતા. ભાજપે પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે, આખરે રાહુલ દરેક બાબતમાં ભારતની સરખામણી ચીન સાથે કેમ કરે છે. બીજી બાજુ આ સમગ્ર મામલાને નોનઈશ્યુ તરીકે ગણાવીને કોંગ્રેસે બચાવના પ્રયાસ કર્યા છે. કોંગ્રેસે કહ્યું છે કે,સંબિત પાત્રા આ તમામ વાત કરનાર વ્યક્તિ કોણ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગહેલોતે ટ્વીટ કરીને આનો ભાજપની નબળી વિચારધારા ગણાવી હતી. ભાજપ ઉપર રાહુલની યાત્રાને રાજનીતિ બનાવવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કેટલાક વિડિયો જારી કરીનો રાહુલ ગાંધીના ચીનના સંદર્ભમાં આપવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો. રાહુલે કહ્યું હતું કે, ચીન દરરોજ ૫૦ હજાર યુવાનોને રોજગારી આપે છે જ્યારે ભારત એક દિવસમાં ૪૫૦ યુવાનોને રોજગારી આપે છે.

જ્યોતિષી ડો.આર.જે.દવે (દવે ગુરૂજી)
હસ્તરેખા, કુંડળી, વાસ્તુ કન્સલ્ટન્ટ (ગોલ્ડ મેડાલીસ્ટ) - વીંછણવાળા
ઘરેલુ ઝઘડા, કોર્ટકેસ, દુશ્મનોથી પરેશાન, શિક્ષણ, સંતાન, વિદેશ વિઝા જેવી સમસ્યાઓ તેમજ વિકટ પરિસ્થિતિમાં બંધ પડેલ કારખાના તેમજ કોઇપણ બિઝનેશકે N.P.A. થયેલ કંપનીઓને ફરીથી ધમધમતા કરવા માટે માર્ગદર્શન અને યોગ્ય પેકેજ તૈયાર કરી આપવમાં આવશે.
લગ્ન યોગ ક્યારે ? સગાઇ, લગ્ન માટે યોગ્ય પાત્ર મળવામાં મુશ્કેલી, જીવનસાથી કેવો મળે ? લગ્ન દેશમાં કે વિદેશમાં ? સગાઇ થઇ ને તુટી જવી, લગ્નમાં વિલંબ થવો, પતિ-પત્ની અણબનાવ, ઘરમાં નાની નાની વાતે ઝઘડા, સંતાનોથી અસંતોષ જેવી સમશ્યાઓના શાસ્ત્ર શુધ્ધ સમાધાન
નોંધ : ધૂપ-ધુમાડા કરતા ભૂવા-ભગત, બાવા-બાપુ, બાબાઓ, તાંત્રિકોને લગતા કામો માટે મહેરબાની કરીને મળવું નહી. દોરા-ધાગા તાવિજ, માદળિયા, અમારે ત્યાં મળતા નથી, ૨૪ કલાકમાં ચમત્કાર અને પાંચ મિનિટમાં નિકાલ સાથે જ્યોતિષ શાસ્ત્રને કોઈ જ સંબંધ નથી.
૧૨, પહેલોમાળ, કર્મવીર સામ્રાજ્ય, દેનાબેંકની ઉપર, વી.કે.વી.રોડ, નડીઆદ.
અપોઈન્ટમેન્ટ માટે મો. ૯૯૭૪૦૯૨૭૭૭



ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા
મુન્નાર-થેકડી
દાર્જીલીંગ
ગંગટોક-પેલીંગ
સિમલા
મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની
વાયનાડ-હસન
ભુતાન
પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ
કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

SIDDHRAJ
INFRA PVT. LTD
FIND CONCURRENCE, TRANQUILLITY AND YOURSELF...




SAMPLE APARTMENT READY
visit by appointment only...
SIDDHRAJ Z+
A TROPICAL EXPERIENCE
The Property Shop
6 Rooms Premium Living | Nr. Sargasan Cross Roads, Gandhinagar | Call: +91 97251 07999
RERA Registration No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00869/301117